Research Review | ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal | Oct. 2021, Year - 8 (102)
www.researchreviewonline.com | Paper ID: RRJ188145

# જીવન–મૃત્યુના સંવેદનો : સુરેશ જોષી

સંશોધકઃ
ડો. કિષ્ના કે સાંડપા
ગુજરાતી વિભાગ,
ડી. એન. પી. આર્ટસ કોલેજ, ડીસા

---

આધુનિકતાનો પ્રણેતા કવિ સુરેશ જોષીના કાવ્યમાં જીવન–મૃત્યુના સંવેદનોનું આલેખન થયેલું જોવા મળે છે. કાવ્ય 'સાંભળું છું કાન દઈ'ને અછાંદસ રચના છે. આ રચનામાં કવિએ મૃત્યુની બંસરીને વગાડી છે. કવિ કહે છે–

*"કોઈ બજાવે છે*
*કાળતણી બંસરીને*
*એના મૃત્યુ છિદ્રે*
*ફુત્કારે છે પ્રાણનો પ્રબળ પ્રચ્છ્‌વાસ."* [૩]

ઉપરોકતત કંડિકામાં કવિ કાળ સાથે બંસરીને સરખાવે છે. આ બંસરીના છિદ્રને મૃત્યુ સાથે સરખાવે છે. આમ, જીવનનો શ્વાસ આ બંસરીમાં ફૂંકાય છે. કાવ્યમાં કવિ આગળ ધપતા બે વિશ્વયુદ્ધોનો પણ ઉલ્લેખ કર્યો છે.

*"વિશ્વછન્દ તણો ભંગ*
*શીર્ણ ને વિશીર્ણ કરે અંગે અંગ*
*હિરોશિમા નાગાસાકી*
*કહો, કશું રહ્યું બાકી ?"* [૪]

ઉપરોકતત પંકિતતમાં કવિએ હિરોશિમા અને નાગાસાકી પર થયેલા અણુવિસ્ફોટનો પણ ઉલ્લેખ કરી માનવના મૃત્યુનું કારણ દર્શાવ્યું છે. આ અણુવિસ્ફોટે સમગ્ર વિશ્વને ભંગ કર્યું. આજે પણ આ વિસ્ફોટના કારણે ત્યાં જન્મતા બાળકો ખામીવાળા જન્મે છે. કાવ્યમાં ભંગ અને અંગનો પ્રાસ જોવા મળે છે.

'કદાચ હું કાલે નહીં હોઉં' કાવ્યમાં કવિએ પ્રકૃતિના તત્ત્વવોને લઈ મૃત્યુ–વિષયક કાવ્યરચના આપે છે.

*"કદાચ હું કાલે નહીં હોઉં*
*કાલે જો સૂરજ ઊગે તો કહેજો કે*



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-102-october-2021/RRJ188145

*મારી બિડાએલી આંખમાં*

*એક આંસુ સૂકવવું બાકી છે.''* ૫

સમગ્ર કાવ્યમાં કવિના સ્વપ્નો પ્રકૃતિના તત્ત્યવોને આધારે વર્ણાવે છે. જો કદાચ કવિ મૃત્યુ પામે તો સૂરજને આંસુ સૂકવવાનું, પવનને કિશોર વયમાં એક કન્યાના ચોરી લીધેલા સ્મિતનું પકવ ફળ ડાળ પરથી ખેરવવાનું, સાગર છલકે તો હૃદયમાં ખડક થઈ ગયેલા કાળમીંઢ ઈશ્વરના ચૂરેચૂરા કરવાનું, તેમજ ચન્દ્ર અને અગ્નિને પણ સંબોધીને મૃત્યુની વેદના વ્યકતત કરી છે. 'શહેરની ગલીઓમાં' કાવ્યમાં કવિએ પવનને મુમૂર્ષ કહી માનવજીવનના મૃત્યુનો સંકેત કર્યો છે.

*''વાસી ઉચ્છ્વાસના ઉકરડા નીચે હાંફતો મુમૂર્ષ પવન,*

*આંગણે આંગણે ભટકીને ઠોકરાતો રગતપીતિયો સૂરજ.''* ૬

કવિએ શબ્દવ્યંજના પ્રયોજી કાવ્યમાં ચમત્કૃતિ લાવ્યા છે. વાસી ઉચ્છ્વાસના ઉકરડા નીચે હાંફતો મુમૂર્ષ પવનની વાત કરીને મનુષ્યના મૃત્યુ તરફ અંગૂલિનિર્દેશ કર્યો છે. આધુનિક શૈલીમાં જીવતો માણસ વાસી ઉચ્છ્વાસ લઈને રોગનો ભોગી બને છે. ઉપરોકતત પંકિતતમાં કવિએ 'રગતપીતિયો સૂરજ'નો શબ્દપ્રયોગ કરી સુંદર દશ્યકલ્પન પ્રયોજ–ું છે. 'આ આપણા પ્રેમ'ની કાવ્યમાં કવિ કહે છે :

*''હૃદયના બે ધબકાર હવે જુદા–*

*કયો જીવનનો કયો મરણનો એની હવે પૃચ્છા નહીં.''* ૭

ઉપરોકતત પંકિતતમાં કવિએ બે ધબકારા કહીને જન્મ અને મરણનો ઉલ્લેખ કર્યો છે. કવિ 'આ મધ્યાહને' કાવ્યમાં એકલતા, વિષમતા અને મૃત્યુનો ભાવ વ્યકતત કરતા કહે છે :

*''હજી મારી એકાદ પગલી ભૂંસવી બાકી રહી ગઈ હોય,*

*મૃત્યુના સહસ્ત્રછિદ્ર પાત્રમાંથી પડી ગયેલી*

*મારી એકાદ ક્ષણની*

*હજી તને ઠોકર વાગતી હોય.''*

***

*''મારા મરણના અગ્નિવસ્ત્રથી*

*તારી લજ્જા ઢાંકતો રહું છું.''* ૮

કાવ્યના અંતમાં કવિએ મૃત્યુનો ઉલ્લેખ કર્યો છે. અંતિમ સંસ્કાર વખતે માણસને અગ્નિ આપવામાં આવે છે. માટે કવિએ કહ્યું છે કે 'મારા મરણના અગ્નિવસ્ત્રથી' કહીને કાવ્યમાં મૃત્યુનો ઉલ્લેખ કર્યો છે. 'કટાઈ ગયેલા' કાવ્યમાં કવિએ મરણને પરિપકવ ફળ કહ્યું છે:

*''મારા મરણના પરિપકવ ફળને ય તું*

*તારા દન્તદંશથી કોરી નાખવાની હામ ભીડશે?''[૯]*

'મૃણાલ' કાવ્યમાં કવિ કહે છે :

*''તારા શ્વાસના ખરલમાં*
*કોણ ઘૂંટી રહ્યું છે ગરલ ?*
*મૃણાલ, મૃણાલ.......''[૧૦]*

ઉપરોકતત પંકિતતમાં કવિએ 'ખરલ' અને 'ગરલ' શબ્દનો પ્રાસ બેસાડી જીવન અને મૃત્યુનો ઉલ્લેખ કર્યો છે. ખરલ શબ્દનો અર્થ ઔષધ ઘૂંટવાનો એક પથ્થર, જ–ારે ગરલ શબ્દનો અર્થ વિષ થાય છે. ગૂઢાર્થ દ્વારા કવિએ જીવનના મૃત્યુનો આભાસ કરાવ્યો છે.

સુરેશ જોષીની કાવ્યયાત્રાનું અંતિમ સોપાન 'તથાપિ' (૧૯૮૦) છે. દુર્ભાગ્યે આ ચાર દીર્ઘકાવ્યો આગળ જ આ યાત્રા પર પૂર્ણવિરામ આવે છે. એમની અન્ય કાવ્યરચનાઓની તુલનામાં આધુનિક દ્રષ્ટિએ આ રચનાઓ ચઢિયાતી છે. અહીં 'પાંચ અંકનું નાટક', 'ડુમ્મ્સ સમુદ્રદર્શન', 'થાક' અને 'કોઈક વાર' એમ ચાર રચનાઓમાં આધુનિકતાના લક્ષણો જોવા મળે છે.

' પાંચ અંકનું નાટક ' માં પ્રાકૃતિક પરિબળો, ઈશ્વરનું ઐશ્વર્ય, નારી પ્રેમ, સુખદુઃખ લગભગ આ બધાંથી દૂર રહેલા નાયકની એક છબિ અહીં કંડારવામાં આવી છે. અહીં નાટ–ાત્મકતામાં વિશિષ્ટતા આણવા માટે છેલ્લા અંકમાંથી પહેલા અંક સુધીની ગતિનું આલેખન થયું છે. નાયિકા પછી ખલનાયક અને નાયકનાં ચિત્રો થોડી વાચાળતાથી આપણી સામે આવે છે. કાવ્યમાં નાયક હત્યારાને નથી જોયો એમ કહે છે. છતાં માણસને મરતા જોવે છે, ત્યારે કહે છે :

*'' મેં નથી જોયો કોઈ હત્યારાને*
*માણસોને મરતાં જોયાં છે :*
*ગોળી ખાઈને, કશું ન ખાઈને,*
*જીવવાનું ભૂલી ગયા તેથી. ''[૧૧]*

ઉપરોકત પંકિતમાં કવિ કહે છે કોઈ હત્યારો નથી છતાં માણસને મરતાં જોયાં છે. આ માણસોના મૃત્યુ ગોળી ખાઈને કે કશું ન ખાઈને થયા નથી પરંતુ જીવન જીવવાનું ભૂલી ગયા તેથી મૃત્યુને ભેટ–ા છે.

'ડુમ્મસ : સમુદ્રદર્શન'નો આરંભ નિકટતા અને દૂરતાનાં પરિમાણો વચ્ચેના વિરોધાભાસથી થાય છે. સમગ્ર રચનામાં કાવ્યજગત અને વાસ્તવજગત વચ્ચેનો એક સંવાદ–વિસંવાદ આરંભાય છે. કાવ્યમાં કવિએ નષ્ટ કરવા અને ફરી પાછું અવતરવાનું જ ન રહે એવા પેટાળમાં સાગરને સમાવી લેવા વિનવે છે.

*''સાગર*
*તું મને નષ્ટ કર,*
*મને ગર્ભમાંના મૃત શિશુની જેમ તારામાં લઈ લે*



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-102-october-2021/RRJ188145

*પછી મારે અવતરવાનું જ ન રહે !*
*મને તારા પેટાળમાંનો વડવાનલ બનાવી દે*
*જે પોતે – પોતાને બાળ્યા કરે. ''* [૧૩]

અહીં જન્મ ન લેવા ઈચ્છનાર તેમજ ગર્ભમાં જ રહેવા ઈચ્છનાર મનુષ્યની વાત કરી જન્મ અને મરણનો ઉલ્લેખ કર્યો છે. ' થાક ' કાવ્યમાં કવિ જન્મ અને મરણ વિશે કહે છે કે :

*''હવે મને થાક લાગ્યો છે.*
*તમે માનશો ! હું જન્મ્યો ત્યારે જ સત્ત્યાવીસેકનો,*
*અરે કદાચ સિત્તેરનો હોઈશ !''* [૧૪]

આદિમ કાળથી ચાલી આવેલી સંવેદનાઓથી માંડીને વર્તમાન જીવન સુધીનો વ્યાપ અહીં જોવા મળે છે. છેલ્લે મરણ વિશે નોંધે છે :

*'' મરણ એટલે મોક્ષ*
*એ વાતમાં મને વિશ્વાસ નથી*
*મરણ પછી ય સમય તો વળગેલો જ રહે છે''* [૧૫]

'કોઈક વાર' કાવ્યમાં કવિની દશા કંઈક જુદી છે. જીવે છે છતાં જીવંતતાનો અનુભવ કરતા નથી.

*'' માર આંખોમાં મરણ એના પડછાયાનું*
*માપ કાઢી રહયું છે ;*
*હોવું – ન – હોવુંના તાણાવણામાં હું કશી ભાત ઉપસાવ્યા વિના*
*ગૂંચવાતો જાઉં છું*
*એક સૂર્યની ચાવીથી બીજા સૂર્યનું તાળું*
*ખોલતા રહું છું*
*વણઉકેલાયેલી લિપિના જેવો હું પોતે*
*મારા પર જ અંકાઈ ગયો છું. ''* [૧૬]

ઉપરોકત પંકિતમાં કવિ જીવનના તાણાવાણામાં ગૂંચવાતા હોય એવી અનુભૂતિ કરે છે. જીવનરૂપી સમસ્યાની ચાવી વણઉકેલાયેલી લિપિ જેવી છે. આ લિપિ સર્જક પર અંકાઈ હોય તેવો અનુભવ થાય છે.

ઈ.સ. ૧૯૭૩ માં પ્રગટ થયેલા 'ઈતરા' થી સુરેશ જોષીની કવિતા એક નવા તબક્કામાં પ્રવેશે છે. ૧૯૫૫ થી ૧૯૭૦ સુધીના ગાળામાં ગુજરાતી સાહિત્યમાં પ્રગટેલી આધુનિકતા તેના સર્વ સંદર્ભો સમેત અહીં

પ્રકટતી દેખાય છે. છતાં કવિચિત્તમાં થોડી અવઢવ હોય તેમ લાગે છે. સુરેશ જોષીની કવિતામાં જન્મ અને મરણના ભાવસંવેદનો વિશિષ્ટ શૈલીમાં નિરૂપાયા છે.

## ❖ પાદટીપ ❖

1. 'ધ્વનિ', રાજેન્દ્ર શુકલ, પૃ.૬૭
2. એજન, પૃ.૬૭
3. એજન, પૃ.૬૮
4. એજન, પૃ.૬૮
5. એજન, પૃ.૬૮
6. રાજેન્દ્ર શાહના કાવ્યો, પૃ.૬૨
7. એજન, પૃ.૬૩
8. એજન, પૃ.૬૩
9. એજન, પૃ.૬૪
10. 'ધ્વનિ', રાજેન્દ્ર શાહ, પૃ.૧૭
11. એજન, પૃ.૧૭
12. '૩૯ કાવ્યાસ્વાદો', પ્રસાદ બ્રહ્મભટ્ટ, પૃ.૯૯
13. 'ધ્વનિ', રાજેન્દ્ર શાહ, પૃ.૧૯